દિવ્ય ભાસ્કર, ગાંધીનગર
પાના નંબર :- ૦૨
તારીખ :- ૦૬/૦૫/૨૦૨૬

# વિકાસ | માર્ગો પર રિફ્લેક્ટર સાથેના રોડ ફર્નિચરથી મેટ્રોનો રૂટ ઝળહળી ઉઠ્યો



ગાંધીનગર શહેરમાં મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયા બાદ પાટનગર યોજના વિભાગ દ્વારા મેટ્રો રૂટને આવરી લેતા માર્ગોનું કરાયેલું સૌંદર્યીકરણ શહેરવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. માર્ગોની બંને બાજુ ગોઠવાયેલા આધુનિક રોડ ફર્નિચર, સુશોભિત લાઈટિંગ અને હરિયાળીના સ્પર્શથી ખાસ કરીને રાત્રિના સમયે આ રસ્તાઓ ઝગમગી ઊઠે છે અને શહેરની શોભામાં વધારો કરે છે. જોકે, માર્ગોની ગુણવત્તા અને પહોળાઈ વધતાં કેટલાક વાહનચાલકો દ્વારા ઓવરસ્પીડિંગની સમસ્યા પણ વધી રહી હોવાનું સામે આવ્યું છે. મોડી રાત્રે અને વહેલી સવારે કેટલાક વિસ્તારોમાં વાહનો બેફામ ગતિએ દોડતા હોવાથી અકસ્માતની આશંકા ઊભી થઈ રહી છે. શહેરના વિકાસ સાથે માર્ગ સલામતીનું પાલન પણ એટલું જ જરૂરી બન્યું છે. ટ્રાફિક નિયમોનું કડક અમલીકરણ, સ્પીડ લિમિટનું પાલન અને જરૂરી સ્થળોએ મોનીટરિંગ વધારવામાં આવે તો આકર્ષક બનેલા આ માર્ગો વધુ સુરક્ષિત પણ બની શકે.